# કહોડા ગામે મીની બસના કાચ ખોલી તસ્કરો એક લાખની મત્તાની ઉઠાંતરી કરી છૂ

## મહારાષ્ટ્રના યાત્રિકોની બસમાં તસ્કરો લેપટોપ અને રોકડ રકમ ઉઠાવી ગયા

ઊંઝા, તા. ૨૩

ઊંઝા તાલુકાના કહોડા ગામે હાઈવે પર આવેલ પેટ્રોલ પંપ પર થોભેલ મહારાષ્ટ્રના યાત્રિકોની મીનીબસના કાચ ખોલી ત્રણ થી ચાર જેટલા તસ્કરોએ અંદર પડેલ યાત્રિકોના સામાનમાંથી લેપટોપ, રોકડ રકમ જેવી ચીજવસ્તુઓ મળી અંદાજે એક લાખ ઉપરાંતની કિંમતની મત્તાની ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. ચોરીની આ ઘટના સંદર્ભે પોલીસે બહારના યાત્રિકો કે ડ્રાઈવરની ફરિયાદ ન લેતાં કહોડાના ગ્રામજનોએ પોલીસની કાર્યપધ્ધતિ સામે વિરોધ વ્યકત કરી આકરી ટીકા કરી હતી.

જાણવા મળ્યા મુજબ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના પુરુષો અને સ્ત્રીઓ મળી ૨૧ જેટલા યાત્રિકો ટેમ્પો ટ્રાવેલર મીની બસ નં. એમએચ ૨૩ઈ ૫૫૩૨માં બેસીને ઉત્તર ભારતની યાત્રાએ ગયા હતા. આ બધા યાત્રિકો મીની બસમાં રાજસ્થાનથી નીકળીને ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા જવા નીકળ્યા હતા. માર્ગમાં રાત પડતા ઊંઝા તાલુકાના કહોડા ગામે હાઈવે પર આવેલ ગાયત્રી પેટ્રોલપંપ પર રાતવાસો કરવા માટે રોકાયા હતા.

મધરાત બાદ પેટ્રોલ પંપ પર થોભેલ મહારાષ્ટ્રના યાત્રિકોની મીનીબસ પાસે કેટલાક તસ્કરો આવ્યા હતા અને મીની બસના સાઈડના દરવાજાનો કાચ બહાર કાઢી બંધ દરવાજો ખોલી નાખ્યો હતો અને અંદર પડેલ યાત્રિકોના થેલાઓ બેગો અન્ય સામાનમાંથી લેપટોપ અંદાજે ૩૦ થી ૩૫ હજારની રોકડ રકમ, યાત્રિકોએ ખરીદેલ નવી ચીજવસ્તુઓ કપડાં રમકડાં વિગેરે મળી અંદાજે એક લાખ ઉપરાંતની કિંમતના માલમત્તાની ચોરી કરીને કયાંક પલાયન થઈ ગયા હતા.

દરમિયાન સવારના સમયે મીનીબસના ડ્રાઈવર અને યાત્રિકો જાગી ગયા હતા ત્યારે મીનીબસનો કાચ અને દરવાજો ખુલ્લો હતો અને અંદર પડેલ સામાન વેરવિખેર પડયો હોઈ ચોરી થયાનું માલુમ પડયું હતું. આથી પેટ્રોલપંપના સંચાલકે પંપ પર લગાડેલ સીસીટીવી કેમેરાના ફુટેજ જોતાં ૩ થી ૪ જેટલા શખ્સોએ મીની બસના દરવાજાનો કાચ ખોલીને અંદરથી ચોરી કરી હોવાનું જણાયું હતું.

આ બનાવ અંગે ઊંઝા પોલીસને જાણ થતાં બ્રાહ્મણવાડા આઉટ પોસ્ટના જમાદાર ઘટના સ્થળે ગયા હતા અને મીની બસના ડ્રાઈવર મરાઠા પરમેશ્વર વિષ્ણુજીને સાથે લઈ ઊંઝા પોલીસ મથકે આવ્યા હતા પરંતુ કોણ જાણે કેમ પોલીસે ડ્રાઈવરની ફરિયાદ લીધી ન હતી અને ફકત ગાડીની આર.સી. બુક ખોવાઈ ગયેલ છે તેવા મતલબનો ડ્રાઈવરને દાખલો આપી દીધો હતો.

આમ ચોરીની ગંભીર પ્રકારની ઘટનાને યેનકેન પ્રકારે છુપાવવાનો પ્રયાસ કરતાં કહોડાના ગ્રામજનોમાં પોલીસની કાર્યવાહી સામે રોષની લાગણી ફેલાઈ હતી.

બીજું ઊંઝા પોલીસ મથકે ચોરીની ફરિયાદ આપવા માટે ગયેલ પરપ્રાંતના ડ્રાઈવરની ફરિયાદ નોંધયાનો ઈન્કાર કરતા પોલીસે ગાડીની આર.સી. બુક ખોવાયેલ હોવાનો દાખલો આપવામાં લાંચની માંગણી કરી હતી તેવું લોકોમાં ચર્ચાય છે. ત્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઉપરોકત બાબતે તાત્કાલિક તપાસ કરાવી જવાબદાર સામે કાયદાકીય રીતે કડક પગલાં ભરવા જોઈએ તેવું આમ જનતામાં બોલાય છે.

## મહેસાણા જિલ્લામાં રવિવારે કૃષિ રથનું પ્રસ્થાન કરાવાશે

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૬ મે ૨૦૧૪ થી ૯ જુન ૨૦૧૪ દરમિયાન યોજાનાર છે. જેમાં મહેસાણા જિલ્લાના જિલ્લા પંચાયતની ૨૫-૫-૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કૃષિ રથનું પ્રસ્થાન કરાવાશે.

મહેસાણા જિલ્લાના તમામ તાલુકા માટેના કૃષિ રથનું પ્રસ્થાન જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી તેમજ જિલ્લાના પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને રવિવારે ૭-૦૦ કલાકે કરાવાશે. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેતીવાડી વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

કૃષિ મહોત્સવ ૨૦૧૪ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ નિમંત્રણ પાઠવેલ છે.



**ટ્રકચાલકે કાબુ ગુમાવતા ટ્રકે પલ્ટી ખાધી**

ખેડબ્રહ્માથી અંબાજી તરફના મુખ્ય માર્ગ પર આવેલ રાધીવાડ ગામ નજીક એક ટ્રક નં. જીજે-૯-એવી-૧૫૭૬ ના ડ્રાઈવરે ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક રસ્તાની બાજીમાં આવેલ ચોકડીઓમાં પલ્ટી ખાઈ ગઈ હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# અમીત શાહ ૨૦૧૭ સુધી રાહ જોવા તૈયાર

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતનાં ના મુખ્યમંત્રી તરીકે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું નામ નિશ્ચિત થતાં હવે ગુજરાતનાં બીજા શકિતશાળી નેતા શ્રી અમિત શાહની ભુમિકા શું હશે તે પ્રશ્ન સર્જાયો છે. લોકસભા ચુંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપને જબરી સફળતાનો યશ શ્રી અમીત શાહને જાય છે અને તેથી તેઓને મોદી તેમની સાથે દિલ્હી લઈ જઈને મહત્વની કામગીરી સોંપશે તેવી અટકળો છે.

ખાસ કરીને મોદીની ઈચ્છા હવે એક બાદ એક આવી રહેલ ધારાસભા ચૂંટણીમાં આવી રહી છે તેમાં મોદી કલીન સ્વીપ ઈચ્છે છે જેથી અમીતને હવે સંગઠનમાં મહત્વના હોદ્દા સાથે આ જવાબદારી સોંપાશે તેમ મનાય છે. હાલ ભાજપનાં રાષ્ટ્રીય મહામંત્રી રહેલા શ્રી શાહ હાલ ભાજપનાં સંગઠનમાં કેન્દ્ર સ્થાને રહેશે ગુજરાતનાં રાજકારણમાં જો નરેન્દ્ર મોદી બફર તરીકે ન હોય તો આનંદીબેન પટેલ અને અમીત શાહ એક સાથે રહી શકે નહિ તેથી હાલ શ્રી શાહને મોદી દિલ્હી જ લઈ જશે.

સંભવત તેઓને વડોદરા લોકસભા બેઠક જે મોદી ખાલી કરનાર છે ત્યાં ચૂંડણી લડાવી લોકસભામાં લઈ જઈને શાહ વિધાનસભા છોડશે. આગામી ઓકટોબરમાં જ મહારાષ્ટ્રમાં ધારાસભા ચૂંટણી આવી રહી છે. અને ભાજપ અહીં સીનિયર પાર્ટનર બની સત્તા કબજે કરવા આતુર છે. જો કે શ્રી અમીત શાહ ગુજરાતનાં મુખ્યમંત્રી બનવા આતુર છે અને તેઓ ૨૦૧૭ સુધી રાહ જોવા પણ તૈયાર છે. આનંદીબેન હાલ ૭૭ના છે તેઓને ૨૦૧૭માં નિવૃત્ત કરી ૫૧ વર્ષનાં શ્રી અમીત શાહને ગુજરાતની ગાદી સોંપી શકાય છે ત્યાં સુધીમાં તેઓ તેમની કાનુની મુશ્કેલીમાંથી પણ સાંગોપાંગ પાર પડી ગયા હશે તેવો વિશ્વાસ તેઓને છે.

# વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીનો મંત્રીમંડળમાં સમાવેશ

## બનાસકાંઠા-પાટણ-રાધનપુરમાં હર્ષની હેલી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠાના વાવ વિસ્તારના ધારાસભ્ય અને ભાજપના પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરીનો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વડપણ હેઠળના ગુજરાત રાજ્યના મંત્રીમંડળમાં આરોગ્ય પરીવાર કલ્યાણ અને વાહન વ્યવહાર ખાતાના રાજ્યમંત્રી તરીકે સમાવેશ થતાં બનાસકાંઠા, પાટણ, રાધનપુર સહીત સમગ્ર ઉત્તર ગુજરાતમાં હર્ષની હેલી છવાઈ છે.

ભારતીય જનતા પાર્ટીના અદના કાર્યકર અને અથાગ પરીશ્રમી શંકરભાઈ ચૌધરીએ 'કઠોર પરીશ્રમનો કોઈ વિકલ્પ નથી' એ ઉક્તિને સાર્થક કરતાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને મજબૂત બનાવીને સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાય તે માટેના અથાગ પ્રયત્નોનું ફળ આજે ભાજપની શીર્ષસ્થ નેતાગીરીએ આપ્યું હોય તેવો માહોલ શપથવિધિ સમારોહ પ્રસંગે જોવા મળ્યો હતો. તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ઉત્તર ગુજરાતની તમામ સીટોની જવાબદારી સાથે પાટણ સીટના વાલી તરીકેની વિશેષ કામગીરી સંભાળી જ્યાં ભાજપનો જવલંત વિજય થયો સાથે સાથે બનાસકાંઠા બેઠકમાં પણ વિવિધ જગ્યાએ પદયાત્રાઓ દ્વારા હજારો કાર્યકરોને સાથે લઈને ચૂંટણીના માહોલને બરકરાર રાખીને પોતાની વાવ વિધાનસભા સીટ પર ભાજપને જંગી લીડ અપાવવામાં સફળ રહ્યા હતા. ભૂતકાળમાં ડોકીયું કરીએ તો તાજેતરમાં રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં



મારવાડ પટ્ટાની ૩૩ વિધાનસભા સીટોની જવાબદારી તેમના શીરે હતી જેમાંથી ૩૦ સીટો પર ભાજપના જવલંત વિજયના નિમીત બન્યા હતા.

વાવ વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ છેલ્લા માત્ર દોઢ વર્ષમાં વિકાસના કામો થકી વાવ વિસ્તારની કાયાપલટ કરવાનો શ્રેય જેમને જાય છે તેવા ઉત્સાહી ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ વાવ અને ભાભર બંને તાલુકાઓમાં કાર્યાલયો શરૂ કરીને વિસ્તારની પ્રજા સાથે જીવંત સંપર્ક રાખીને વિકાસ કામોને વેગ આપ્યો છે. આ વિસ્તારના પ્રાણપ્રશ્ન સમા પીવાના પાણીની સમસ્યાને પ્રાથમિકતા આપીને વિસ્તારના ૬૩ ગામોએ ઊંચી ટાંકી, સંપ અને પાઈપલાઈનો દ્વારા વ્યવસ્થા ગોઠવીને એક પણ ગામ એવું નથી રેહવા દીધું જ્યાં પીવાના પાણીની મુશ્કેલી હોય, કેવડીયા કોલોનીથી પ્રસ્થાન થયેલા નર્મદાના નીર ખેડૂતોના ખેતરે ખેતરે ફરી વળે તે માટે એકજ વર્ષમાં નર્મદાનું ૭૦ ટકા કામ પુરૂ કરીને ખેડૂતો માટે પણ આશીર્વાદરૂપ કામ કર્યું છે. તેજ પ્રમાણે સુઈગામને નવો તાલુકો, વાવ ખાતે ૧૦૦૦ વિદ્યાર્થી ભણી શકે તે માટે ૯ કરોડના ખર્ચે કોલેજ, ૬ કરોડના ખર્ચે સાયન્સ પ્રવાહની મોડલ સ્કૂલ, ૬ કરોડના ખર્ચે આઈ.ટી.આઈ., ૬ કરોડના ખર્ચે કોર્ટ બિલ્ડીંગ, ૭ કરોડના ખર્ચે વાવ-ઢીમા રોડનું મજબૂતીકરણ, બોર્ડર ટુરીઝમના વિકાસ માટે ૩૫ લાખના ખર્ચે જલોયા ખાતે ઈકોટુરીઝમ, વાવ ખાતે આરોગ્ય કચેરી, ભાભર ખાતે ૨ કરોડના ખર્ચે રેફરલ હોસ્પિટલ, ઢીમા ખાતે પ્રાઈવેટ માર્કેટનો પ્રારંભ અને આ વિસ્તારનો વર્ષો જુનો ખળા-બોવાડા ખેડૂતોના નામે કરવાનો પ્રશ્ન હલ થતાં એક કાબેલ ધારાસભ્ય તરીકેની છાપ જનમાનસમાં ઉપસી હતી.

એમ.બી.એ. સુધીનો અભ્યાસ અને વ્યવસાયે ખેતી સાથે સંકળાયેલા ૪૪ વર્ષીય ચૌધરી ૧૯૯૮ થી ૨૦૦૨, ૨૦૦૨ થી ૨૦૦૭ અને ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી સતત ત્રણ ટર્મ રાધનપુર વિસ્તારના ધારાસભ્ય તરીકે અને ૨૦૧૨ થી વાવ વિસ્તારના ધારાસભ્ય તરીકે સેવાઓ આપી રહ્યા છે. ભાજપની સંગઠનાત્મક જવાબદારીમાં પાટણ જિલ્લા ભાજપના પ્રમુખ, ભારતીય જનતા યુવા મોરચો ગુજરાત પ્રદેશના પ્રમુખ અને છેલ્લી બે ટર્મથી પ્રદેશ મહામંત્રી તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે. સાથે સાથે પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય તરીકે પણ સેવાઓ આપીને ભારતીય જનતા પાર્ટીના સેવક તરીકે પોતાનું યોગદાન આપી રહ્યા છે. સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ ગણાતા ગુજરાતના સહકારી માળખામાં પણ ચૌધરીએ પોતાની કાબેલીયતનો પરીચય આપીને રાજ્યની ગણનાપાત્ર જિલ્લા બેંકોમાં જેની ગણના થાય છે તેવી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. (બનાસબેંક) ના ચેરમેન તરીકે ૨૦૦૬ થી સેવાઓ આપી રહ્યા છે. જિલ્લાના ખેડૂતોની આર્થિક કરોડરજ્જુ ગણાતી આ બેંકમાં તેમના કાર્યકાળ દરમ્યાન બેંકની થાપણો ૩૫૦ કરોડથી વધીને ૯૩૦ કરોડ, ધિરાણો ૩૮૮ કરોડથી વધીને ૭૫૦ કરોડ, ફંડ ૬૦ કરોડથી વધીને ૧૧૧ કરોડ, કાર્યકારી ભંડોળ ૬૨૮ કરોડથી વધીને ૧૪૫૦ કરોડ, ગ્રોસ નફો ૮ કરોડથી વધીને ૧૫ કરોડ થયો છે. સાથે સાથે ખેડૂતોને આપવામાં આવતા પાક ધિરાણનો દર ૧૨ ટકાથી ઘટીને ૪ ટકા થયો છે જેના કારણે જિલ્લાના ખેડૂતોને મોટો આર્થિક ફાયદો થયો છે. બેંકની સ્થાપનાના ૫૫માં વર્ષે બેંકની મુખ્ય કચેરીનું અદ્યતન 'બનાસભવન'નું નિર્માણ પણ તેમના કાર્યકાળ દરમ્યાન થયું અને જેનું લોકાર્પણ પણ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થયું. રાજ્યની એપેક્ષ બેંક ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક અમદાવાદના વા. ચેરમેન તરીકે બે ટર્મથી સેવાઓ આપીને રાજ્યના સહકારી માળખામાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

### શપથગ્રહણ સમારોહની સાથે સાથે

- સવારે ૯.૩૦ કલાકે બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહીત ઉત્તર ગુજરાતના કાર્યકરો મોટી સંખ્યામાં મહાત્મા મંદિરે ઉમટી પડ્યા.
- ૧૨.૨૫ કલાકે પદનામીત મંત્રીઓનું આગમન થતાં હાજર સૌ મેદનીએ સૌને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા.
- કેસરી ઝબ્બામાં સજ્જ શંકરભાઈનું વ્યક્તિત્વ અલગ તરી આવતું હતું.
- ૧૨.૩૦ કલાકે પદનામીત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહીત દેશના દિગ્ગજ નેતાઓનું આગમન થયું.
- શપથગ્રહણ બાદ શંકરભાઈએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજ્યપાલ ડૉ. કમલાજી અને ભાજપના શિર્ષસ્થ અગ્રણીઓના આશિર્વાદ મેળવ્યા.
- શ્રી શંકરભાઈ શપથ લેવા ઉભા થયા ત્યારે સમગ્ર હોલ ભારત માતા કી જય ના નારા સાથે ગુંજી ઉઠ્યો
- શપથવિધિ બાદ શંકરભાઈએ સૌ કાર્યકરોને મળીને શુભેચ્છાઓની આપલે કરી સૌનું અભિવાદન સ્વીકાર્યું હતું.

## મહેસાણા જિલ્લાના ટેટ પરીક્ષા કેન્દ્રો પર કલમ ૧૪૪ લાગુ કરાઈ

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાના ૩૫ પરીક્ષા કેન્દ્રો પર ૪૨૧ વર્ગખંડોમાં ૧૨૬૩૦ પરીક્ષાર્થીઓ ટેટની પરીક્ષા આપનાર છે. પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. અનઅધિકૃત વ્યકિતઓને પ્રવેશવા પર પ્રતિબંધ, ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, પરીક્ષા સંબંધિત ચોરી ગણાય તેવી વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ, ઈલેકટ્રોનિક વસ્તુઓ પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.જે. પટેલે લાગુ કર્યો છે.

આ પ્રતિબંધ ૨૫ મે ૨૦૧૪ના રોજ સવારે ૯.૩૦ કલાકથી ૧૮.૩૦ કલાક દરમિયાન અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર કે કરાવનાર શખ્સ સામે ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ખેડબ્રહ્મામાં નાગણેશ્વરી માતાજીનો ચોથો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા ખાતે આવેલ સુપ્રસિદ્ધ અંબિકા માતાજી મંદિર સંકુલમાં બિરાજમાન રાઠોડ રાજપૂત સમાજના કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીના ચોથા પાટોત્સવ અને નવચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. ખેડબ્રહ્માના નાગણેશ્વરી માતાજી સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી નાગણેશ્વરી માતાજીની ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી જે શહેરના વિવિધ માર્ગો પર ફરી નિજ મંદિર પરત ફરી હતી.

આ પ્રસંગે યોજાયેલ નવચંડી મહાયજ્ઞમાં ૨૧ દંપતિઓએ ધર્મલાભ લીધો હતો. તેમજ રાઠોડ રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓને નરેન્દ્રસિંહ ઉદાવત અને અન્ય દાતાઓ દ્વારા ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. પાટોત્સવના ભોજન પ્રસાદ માટે ચંદ્રવિજયસિંહ જેતાવત તથા મહેન્દ્રસિંહ ચંપાવત તરફથી દાન મળ્યું હતું. આ પ્રસંગે સમગ્ર રાઠોડ રાજપૂત સમાજે ઉપસ્થિત રહી દર્શન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો.



**આ તો ખાડો છે કે હાડકા ભાંગવાનું મશીન ?**

પાલનપુરના કિર્તીસ્તંભથી રેલવે સ્ટેશન તરફ જતા રોડ પર હોટેલ સોના સામે કોર્નર પર એક મોટો ખાડો રાહદારીઓને અને વાહનચાલકોને પરેશાન કરી રહ્યો છે. છેલ્લા ૨૦ દિવસથી રિલાયન્સ કંપનીના ૪-જી ઈન્ટરનેટ માટેના કેબલ નાંખવા કંપની દ્વારા ખોદવામાં આવેલ આ ખાડો ઘણાને ઈજાગ્રસ્ત કરી રહ્યો હોવા છતાં નગરપાલિકા દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યા છે. રાત્રીના સમયે વધારે ભયજનક બની જતો આ ખાડો સત્વરે પુરાય તેવી માંગ ઉઠવા પામી છે. (તસવીર : હરેશ જોશી, પાલનપુર)

# હવે મીટ ધ સીએમ પ્રોગ્રામમાં સીએમ નામાંકરણ મુદ્દે દુવિધા

## કિડ્સ સીટીમાં મીટ ધ સીએમ કાર્યક્રમમાં બાળકો પ્રશ્નો પૂછતાં અને નરેન્દ્ર મોદી બાળકોને જવાબો આપતા હતા

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતના સીએમ પદેથી રાજીનામું આપી નરેન્દ્ર મોદી દિલ્હી પહોંચી ગયા છે જ્યાં તેઓ ૨૬મી મે વડાપ્રધાન તરીકેના શપથ લેશે. પરંતુ તેમના જ મત વિસ્તાર મણીનગરમાં આવેલા કાંકરીયા પરીસરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કિડ્સ સીટીમાં ચાલતાં મીટ ધ સીએમ નામની એકટીવિટીમાં ફેરફાર થશે તેવી ચર્ચા થઈ રહી છે. કેમ કે નરેન્દ્ર મોદીએ સીએમ તરીકેનું રાજીનામું આપી દીધું હોવાથી ચાલતી એકટીવીટી મીટ ધ સીએમ બંધ કરવી પડે તેમ છે તેવી તંત્રના વર્તુળોમાં ચર્ચા વિચારણા ચાલી રહી છે.

પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ મુંઝવણમાં છે કે નરેન્દ્ર મોદીના સ્થાને આ કાર્યક્રમમાં નવા સીમ આનંદીબેન પટેલને રાખવા કે પછી મીટ ધ સીએમનાં કાર્યક્રમમાં જ ફેરફાર કરીને મીટ ધ પીએમ તરીકે નરેન્દ્ર મોદીને યથાવત રાખવા. કેમ કે કિડ્સ સીટીમાં અત્યાર સુધી મીટ ધ સીએમ તરીકેની એક ખાસ એકટીવીટી ચલાવવામાં આવતી હતી. જેમાં બાળકો નરેન્દ્ર મોદી સાથે પ્રશ્નોત્તરી કરતા હોય એ રીતનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલા ૧૦૧ પ્રશ્નો પૈકી બાળક કોઈ એક પ્રશ્ન પૂછે અને નરેન્દ્ર મોદી તેનો જવાબ આપે તેવી પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હતી પરંતુ હવે મોદીએ સીએમ પદથી રાજીનામું આપી દેતા આ કાર્યક્રમમાં આનંદીબેનને રાખવા કે મીટ ધ સીએમ તરીકે મોદીને યથાવત રાખવા તે વિચાર કરી રહ્યા છે.

## માઈક્રોસોફ્ટ ડિવાઈસીસે ગુજરાતમાં વિન્ડોઝ ફોન ૮.૧ પર સૌપ્રથમ ડિવાઈસ લુમિયા ૬૩૦ લોન્ચ કર્યો

માઈક્રોસોફ્ટ ડિવાઈસીસે આજે લેટેસ્ટ વિન્ડોઝ ફોન ૮.૧ સાથે નવો લુમિયા ૬૩૦ દર્શાવ્યો છે. ક્વેડ-કોર પ્રોસેસિંગ અને એક ક્લિયર બ્લેક ૪.૫' એલસીડી સ્ક્રીન સાથે સૌપ્રથમ વખત ડ્યુલ સિમ લુમિયા સ્માર્ટફોન રૂ. ૧૧,૫૦૦ની શ્રેષ્ઠ ખરીદી કિંમતે ઉપલબ્ધ છે. કંપનીએ જાહેરાત કરી હતી કે લુમિયા ૬૩૦ સિંગલ સિમ વેરિઅન્ટ રૂ. ૧૦,૫૦૦ની કિંમતે ૨૬મી મે થી ગુજરાતના બધા જ શહેરોમાં ઉપલબ્ધ બનશે. નોકિયા ઈન્ડિયા (માઈક્રોસોફ્ટ મોબાઈલ્સ ઓવાયની પેટાકંપની)ના બીટુબીના વડા સુરેશ વેડુલાએ કહ્યું કે, 'અમારી લુમિયા રેન્જ સાથે અમે અમારી ફલેગશિપ ડિવાઈસીસમાં નવીનતા દર્શાવવામાં અને તેને વધુ પરવડે તેવી કિંમતે રજૂ કરવામાં સફળ થયા છીએ. લુમિયા ૬૩૦ સાથે આજે અમે લોકો સમક્ષ અમારી સ્માર્ટ ડ્યુઅલ સીમ નવિનતા સાથે લુમિયા અને માઈક્રોસોફ્ટની શ્રેષ્ઠતા દર્શાવ્યા છે. અમારુ માનવું છે કે લુમિયા ૬૩૦ ડ્યુઅલ સીમ નિશંકપણે તેની કિંમતની રેન્જમાં શ્રેષ્ઠ સ્માર્ટફોન છે. તે લુમિયા ૫૨૦ અને ૫૨૫ ની સફળતા પર તૈયાર થયો છે. લુમિયા ૬૩૦ પરવડે તેવી કિંમતે સ્માર્ટફોનના અનુભવ સાથે કોઈપણ સમાધાન કર્યા વિના ગ્રાહકો અને ઉદ્યોગપતિઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. એકદમ નવી વિન્ડોઝ ફોન ૮.૧ ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતા લુમિયા ૬૩૦ વિસ્તૃત મોબાઈલ ડિવાઈસ મેનેજમેન્ટ સપોર્ટ, વધુ સલામતી સાથે કંપનીના સંશાધનોની પહોંચ અને ઈમેલ સહિત એકીકૃત માઈક્રોસોફ્ટ એન્ટરપ્રાઈઝ ફિચર પેક સાથે એકદમ સરળ અનુભવ ઓફર કરે છે. માઈક્રોસોફ્ટ ઓફિસ બિલ્ટ-ઈન સાથે મહત્તમ ઉત્પાદકતા માટે સરળતાથી દસ્તાવેજોને એડિટ અને શેર કરી શકાય છે. વપરાશકારો મૂળ ફોર્મેટિંગ ગુમાવ્યા વિના પણ શેરપોઈન્ટ, ઓફિસ ૩૬૫ અને વન ડ્રાઈવ મારફત દસ્તાવેજો શેર કરી શકશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન